सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૨૭ – ૦૨ – ૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૭ – ૦૨ – ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | ૦૦ | ૦૦ | ૧૦ |

## નવસારી જિલ્લાના મે. ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ નવસારી. જિ.નવસારી

**પરચુરણ મુદ્દામાલ અરજી નં.૨૪૪/૨૦૨૬**
**આંક – ૬**

**અરજદાર :–** **શોકત S/O ઉસ્માન મહોમ્મદ એકલવાયા,**
ઉ.આ.૪૧ વર્ષ, ધંધો : ખેતી અને પશુપાલન,
મૂળ રહેવાસી : ડાભેલ, ઉંચા મહોલ્લા,
તા.જલાલપોર, જિ.નવસારી.
હાલ રહેવાસી : ડાભેલ ખાડી ફળીયું, હરિજનવાસ,
તા.જલાલપોર, જિ.નવસારી.

**વિરુધ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**અરજ** :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.

---

અરજદાર તરફે વિ.વ. **શ્રી વિ.એ. નાયક.**
સામાવાળા તરફે વિ. પી. પી. **બી.ડી. રાઠોડ.**

---

## –:: જ જ મે ન્ ટ ::–

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજદાર તરફે વિ. વકીલશ્રીને તથા સરકાર તરફે વિ.પી.પી.શ્રીને સાંભળ્યા. સમગ્ર કેસ પેપર્સ વંચાણે લીધેલ છે.

(૨) હાલની અરજી અરજદાર ધ્વારા મરોલી પોલીસ સ્ટેશને પાર્ટ–એ ગુના રજી. નંબર : ૧૧૮૨૨૦૨૩૨૫૧૬૯૫/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૦૩(૧), ૬૧ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫), ૩(૨)(૫–એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પોલીસે અરજદારની માલિકીની બજાજ ઓટો રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી. નંબર : GJ-21-W-1808 જેનો ચેચીસ નંબર : MD2A24AZ5FWC14228 તથા એન્જિન નંબર : 24ZWFC35425 મોડલ વર્ષ–૨૦૧૫ ઉપરોકત ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે. અરજદાર સદરહુ રીક્ષાનો ઉપયોગ રોજીંદા વપરાશ તેમજ વેપાર, ધંધા માટે કરતા આવેલા છે. અરજદારની માલિકીની ઓટો રીક્ષા પોલીસ સ્ટેશનમાં ખુલ્લી હાલતમાં વધુ સમય પડી રહે તો રીક્ષાના બોડી કલરને, એન્જિન, બેટરી, ટાયર–ટયુબને ખુબ જ મોટુ નુકશાન થાય તેવી શકયતા અને સંભાવના રહેલી છે. જેથી સદર મુદ્દામાલ વાહન ઓટો રીક્ષા પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૩) સદર મુદ્દામાલ અરજી અંગે સામાવાળાને નોટીસ કરવામાં આવતા સામાવાળા તરફે વિ. સરકારી વકીલ શ્રી બી.ડી. રાઠોડ હાજર થયેલ છે. તેમણે સદર કામમાં નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી./એસ.ટી.સેલ. નવસારીનો આંક–૫ થી અભિપ્રાય/રીપોર્ટ રજૂ કરેલ છે, જે ધ્યાને લીધો.

(૪) અરજદારે અરજી સાથે આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ.૩/૧ થી એફ.આઈ.આર. ની નકલ, નિ.૩/૨ થી ગુનાના કામે ચાર્જશીટની નકલ, નિ.૩/૩ થી મે. નવસારી જિલ્લાના સેકન્ડ એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૧૭૮/૨૦૨૬ થી જામીન મુકત કરેલ છે તેની નકલ, નિ.૩/૪ થી મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ અને અરજદારના આધાર કાર્ડની નકલ રજૂ કરવામાં આવેલ છે.

(૫) સદર કામે અરજદાર તરફે વિ.વકીલશ્રી વિ.એ. નાયક નાઓએ સદર કામે મુદ્દામાલ અરજીમાં જણાવેલ વિગતો તેઓની દલીલમાં દોહરાવેલ છે. તેઓની મુખ્ય રજૂઆત છે કે, પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બજાજ ઓટો રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી. નંબર : GJ-21-W-1808 જેનો ચેચીસ નંબર : MD2A24AZ5FWC14228 તથા એન્જિન નંબર : 24ZWFC35425 નો ઉપયોગ રોજીંદા વપરાશ તેમજ વેપાર, ધંધા માટે કરતા આવેલા છે. સદર કામે નિ.૩/૪ થી રજૂ થયેલ મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ વંચાણે લેતા, સદરહુ વાહન હાલના અરજદારની માલિકીનું હોવાનું સ્પષ્ટ જણાય આવેલ છે. વધુમાં, અરજદાર/આરોપીના વિ.વકીલશ્રી પોતાની દલીલમાં જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ પૂર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી દીધેલ છે. સદર કેસનો નિકાલ થતા ઘણો લાંબો સમય જાય તેમ છે. સદર મુદ્દામાલ વાહનનું એન્જિન, ટાયર, ટયુબ, બેટરી વિગેરે યાંત્રિક રીતે સ્પેરપાર્ટસને નુકશાન થાય અને તેમાં ખામી સર્જાય અને તે બીન ઉપયોગી થઈ જાય અને તેવુ થાય તો અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે. સદર મુદ્દામાલ વાહન અરજદારના રોજીંદા કામ માટે તેમજ આવકનું મહત્વનું સાધન છે અને તેના વગર અરજદારને ઘણી મુશ્કેલી પડે તેમ છે. તે સંજોગોમાં સદર મુદ્દામાલ વાહન બજાજ ઓટો રીક્ષા યોગ્ય રકમના બોન્ડ ઉપર વચગાળાની કસ્ટડીમાં સોંપવા વિનંતી કરેલ છે. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાતરી આપે છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.સરકારી વકીલ શ્રી બી.ડી. રાઠોડ નાઓ દલીલો કરતા જણાવે છે કે, તપાસ કરનાર અમલદારે જે અભિપ્રાય આપેલ છે તે મુજબ અરજદારની માલિકીનો સદરહુ મુદ્દામાલ વાહનનો ઉપયોગ અરજદાર/આરોપીએ ગુનામાં ઉપયોગ કરેલ છે અને જો સદર મુદ્દામાલ વાહન ઓટો રીક્ષાનો કબજો હાલના અરજદારને સોંપવામાં આવે તો સદર રીક્ષાનો ઉપયોગ બીજા

ગુનામાં કરી બીજો બનાવ કરે, કરાવે તે નકારી શકાય તેમ ન હોય, જેથી અરજદાર/આરોપીને સદરહુ ઉપરોકત જણાવેલ મુદ્દામાલ ઓટોરીક્ષા નહી સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૭) સદર કામે અરજદારની અરજી તથા તેની સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. અરજદારે સદરહુ ઓટો રીક્ષાની આર.સી. બુકની નકલ આંક–૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ.૩/૪ થી રજૂ કરેલ છે તે ધ્યાને લેતા સદરહુ ઓટો રીક્ષા હાલના અરજદાર/આરોપીની માલિકી/કબજાની હોવાનું માલુમ પડે છે. સદર કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આંક–૫ થી રજૂ થયેલ છે અને તેની સાથે પંચનામુ તથા મુદ્દામાલ પાવતીની નકલ રજૂ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા હાલના ગુનાના કામે સદર મુદ્દામાલ ઓટો રીક્ષા હાલના અરજદાર/આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ હોય તેવુ માલુમ પડે છે. સદર કામે પોલીસ અભિપ્રાય જોતા મુદ્દામાલ વાહન ઓટો રીક્ષાનો ગુનામાં ઉપયોગ કરેલ હોઈ અરજદારને પરત નહિ સોંપવા અભિપ્રાય આપેલ છે. પરંતુ, તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ દાખલ થઈ ગયેલ હોવાનું રેકર્ડ જોતા જણાય આવતુ હોય જેથી ગુનાની તપાસના કામે મુદ્દામાલ ઓટો રીક્ષાની જરૂર હોય તેવુ જણાઈ આવતુ નથી.

ઉપરોકત હકીકત લક્ષમાં લેતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ –વિ.– સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ જે ઈસમના નામે મુદ્દામાલ હોય તેને વચગાળાની કસ્ટડીમાં સોંપવું જોઈએ તે સિધ્ધાંત લક્ષમાં લેતા તથા કેસનો આખરી નિકાલ આવતા ઘણો લાંબો સમય જાય તેમ હોઈ તેમજ મુદ્દામાલ વાહન ઓટો રીક્ષા એ યાંત્રિક સાધન હોય લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ છે. તે ઉપરાંત સદરહુ મુદ્દામાલ વાહન ઓટો રીક્ષા લાંબા સમય બાદ નિરર્થક અને બિન ઉપયોગી બને તેમ છે તે જોતા સદર ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન ઓટો રીક્ષા

અરજદાર/આરોપીને યોગ્ય રકમના જામીન તથા યોગ્ય શરતો સાથે આ કામના આખરી નિકાલ સુધી વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવાનું ઉચિત લાગે છે. જેથી સદરહુ મુદ્દામાલ અરજી અંગે નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદાર **શોકત S/O ઉસ્માન મહોમ્મદ એકલવાયા**ની ફોજદારી પરચુરણ (મુદ્દામાલ) અરજી નંબર : **૨૪૪/૨૦૨૬ ''મંજૂર''** કરવામાં આવે છે.

૨. મરોલી પોલીસ સ્ટેશને પાર્ટ–એ ગુના રજી. નંબર : ૧૧૮૨૨૦૨૩૨૫૧૬૯૫/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, ૧૦૩(૧), ૬૧ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫), ૩(૨)(૫–એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે કરેલ બજાજ ઓટો રીક્ષા જેનો આર.ટી.ઓ. રજી. નંબર : GJ-21-W-1808 જેનો ચેચીસ નંબર : MD2A24AZ5FWC14228 તથા એન્જિન નંબર : 24ZWFC35425 મોડલ વર્ષ– ૨૦૧૫ હાલના અરજદાર/આરોપીને મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢ ગણી રકમના જામીન તેમજ તેટલી જ રકમના બોન્ડ સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી આ કેસના આખરી નિર્ણય સુધી નીચેની શરતોને આધિન હાલના અરજદારને વચગાળાના ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) સદર મુદ્દામાલ અરજદાર/આરોપીને જે હાલતમાં મળે તે હાલતમાં જાળવી રાખવાનો રહેશે અને તેના રંગ, રૂપ, આકાર, દેખાવ કે કદમાં કોઈ ફેરફાર કરવો નહિ. જો મુદ્દામાલમાં યાંત્રિક ખામી સર્જાય તો અરજદાર/આરોપી દુરસ્ત કરાવી શકશે.

(૨) અરજદાર/આરોપીએ સદર મુદ્દામાલ આ કેસના આખરી નિકાલ સુધી કોઈપણ ઈસમને કોઈપણ રીતે વેચાણ, ગીરો, બક્ષીસ, સાટો કે અન્ય રીતે તબદીલ કે એસાઈન કરવું નહિ.

(૩) સદર મુદ્દામાલના ચારેય બાજુના કલરીંગ ફોટા પડાવી અરજદાર તથા ત.ક. અમલદારની સહી કરાવી અત્રેની અદાલત સમક્ષ સત્વરે રજૂ કરવાના રહેશે.

(૪) આ ગુના સબંધી કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સદર મુદ્દામાલ નામદાર કોર્ટ જયારે-જયારે અને જયાં-જયાં રજૂ કરવા ફરમાવે ત્યારે-ત્યારે અને ત્યાં-ત્યાં અરજદાર/આરોપીએ રજૂ કરવાનું રહેશે.

(૫) સદર મુદ્દામાલના જામીનની કાર્યવાહી અરજદાર/આરોપીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી અને પોલીસે મુદ્દામાલના જામીન તથા જે સાધનિક કાગળો બનેલા હોય તે અત્રેની અદાલતમાં સત્વરે રજૂ કરવાના રહેશે.

(૬) સદરહુ મુદ્દામાલનો કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ ન થાય તેની અરજદાર/આરોપીએ કાળજી રાખવી.

(૭) સદર હુકમની યાદી સબંધિત પોલીસ સ્ટેશનને જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે કરવી.

**આ હુકમ આજરોજ તારીખ : ૦૯ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**સહી/-**

તારીખ : ૦૯.૦૩.૨૦૨૬ **( મહેશકુમાર આર. ઠક્કર)**

સ્થળ : નવસારી. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, નવસારી.

(કોડ નં-જીજે ૦૦૯૬૩)